# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, યુનિવર્સિટી રોડ, ખડીયા.

જૂનાગઢ. ગુજરાત(ભારત)ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦

Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


પરિપત્ર

વિષય: "વર્ષ ૨૦૨૦-૨૧ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિમાં પેન્ડીંગ અરજીઓનો નિકાલ કરવા બાબત..

સંદર્ભ: જિલ્લા નાયબ નિયામક (વિ.જા)ની કચેરી-જુનાગઢના પત્ર ક્રમાંક જિનાની/વિજા/૨૦-૨૧ તા.૧૮-03-૨૦૨૧ ના પત્ર અન્વયે..

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના ઇનચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ ને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧નાં શૈક્ષણિક સત્ર દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજે/યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિકસતી જાતિના સા.શૈ.પ.વ., આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી વિમુક્ત જાતિ અને લઘુમતીના વિધાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજુર કરી ચુકવણુ D.B.T (ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર સિસ્ટમ) થી કરવાનુ થાય છે.

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનુકે જુનાગઢ જીલ્લામાં ડીજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રિમેટ્રીક/પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ કોલેજ લેવલે મંજુર કે નામંજુર કરવાની હોય છે.પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ વિદ્યાર્થી લેવલ તથા કોલેજ/સંસ્થા લેવલે ૧૫/૦૩/૨૦૨૧ સુધીમાં નીચે મુજબની અરજીઓ પેન્ડીંગ બતાવે છે. જે વિદ્યાર્થી તથા કોલેજ/સંસ્થા લેવલની પેન્ડીંગ અરજીઓનો તાત્કાલીક નિકાલ કરવા જણાવવામાં આવે છે.

| જીલ્લાનુ નામ | વિદ્યાર્થી લેવલે સબમિટ થયેલ અરજીઓ | શાળા/કોલેજ લેવલે મળેલ અરજીઓ | જિલ્લા કક્ષાએ મળેલ અરજીઓ. |
|---|---|---|---|
| જુનાગઢ | ૨૧૪૫૯ | ૨૦૫૪૪ | ૧૬૭૭૮ |

ઉપરોકત પત્ર મુજબ વિદ્યાર્થી લેવલે કુલ ૯૧૫ અરજીઓ પેન્ડીંગ હોય તો વિદ્યાર્થીઓનો સંપર્ક કરી અરજી ઓનલાઇન મેળવી મંજુર કરવી તેમજ કોલેજ/સંસ્થા લેવલે કુલ ૩૭૬૬ અરજીઓ પેન્ડીંગ હોય જે સત્વરે આ અરજીઓને મંજુર કરી છેલ્લામાં છેલ્લી તા. ૨૫/૦૩/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન મોકલવા જણાવવામાં આવે છે.આપેલ તારીખ સુધીમાં વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની અરજીઓ મોકલવામાં નહી આવે તો તે અરજીઓની સહાય ચુકવવામાં નહી આવે અને તેની જવાબદારી સઘળી જે તે સંસ્થા/ કોલેજની રહેશે.

આ અરજીઓ પૈકી ભારત સરકારશ્રી દ્વારા અમલિત BCK 81A અને Dr.Ambedakar Post metric for EBC બંને યોજનાઓ ભારત સરકારશ્રી દ્વારા તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ બંધ કરવાની હોવાથી બંને યોજનાની અરજી તા. ૨૫/૦૩/૨૦૨૧ સુધીમાં મોકલી આપવી આ અરજીઓ મોકલવામાં વિલંબ થશે તો શિષ્યવૃતિ સહાય કે એરીયર્સ ચુકવવામાં આવશે નહી જેની ગંભીરતાથી નોંધ લેવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

ક્રમાંક: બીકેએનએમયુ/એકેડેમિક/ 313 / ૨૦૨૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ખડીયા, જૂનાગઢ.

તા. 23-03-૨૦૨૧

નકલ સાદર રવાના :

૧. માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :

૧. આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ...

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી-જૂનાગઢ

150 YEARS OF CELEBRATING THE MAHATMA

બહુમાળી ભવન, બ્લોક નં.૧, ત્રીજો માળ, સરદારબાગ, જૂનાગઢ

ફોન/ફેકસ-(૦૨૮૫)૨૬૩૦૫૮૭

E-mail : as-socoffi-jun@gujarat.gov.in


નં.જિનાની/વિજા/૨૦-૨૧/ તા.૧૮/03/૨૦૨૧

પ્રતિ,

આચાર્ય/પ્રિન્સીપાલશ્રી,

..........................................................

મુ........................ તા..........................

જિ.જુનાગઢ

વિષય – વર્ષ ૨૦૨૦-૨૧ ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં પેન્ડીંગ અરજીઓનો નિકાલ કરવા બાબત.

સંદર્ભ – અત્રેની વડી કચેરીના પત્ર ક્રમાંક નં.વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૩૮૮૨ થી ૩૯૧૪ તા.૧૮/03/૨૦૨૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

અત્રેના જીલ્લામાં પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિદ્યાર્થી લેવલ તથા શાળા/કોલેજ લેવલે વર્ષ ૨૦૨૦-૨૧ ની તા.૧૫/03/૨૦૨૧ સુધીની પેન્ડીંગ અરજીઓની પત્રક નીચે પ્રમાણે છે. જે વિદ્યાર્થી તથા શાળા/કોલેજ લેવલની પેન્ડીંગ અરજીઓના તાત્કાલિક નિકાલ કરવા આથી જણાવવામાં આવે છે.

| જિલ્લાનું નામ | વિધાર્થી લેવલે સબમિટ થયેલ અરજીઓ | શાળા/કોલેજ લેવલે મળેલ અરજીઓ | જિલ્લા કક્ષાએ મળેલ અરજીઓ |
|---|---|---|---|
| જુનાગઢ | ૨૧૪૫૯ | ૨૦૫૪૪ | ૧૬૭૭૮ |

આમ, જિલ્લામાં વિધાર્થી લેવલે કુલ-૨૧૪૫૯ અરજીઓ સબમિટ થયેલ આ પૈકી શાળા/કોલેજ લેવલે કુલ-૨૦૫૪૪ અરજીઓ વિદ્યાર્થી લેવલથી મળેલ છે આમ વિધાર્થી લેવલે કુલ-૯૧૫ અરજીઓ પેન્ડીંગ હોય વિદ્યાર્થીઓનો સંપર્ક કરી અરજી ઓનલાઈન મેળવી મંજુરી કરી અને જિલ્લા કક્ષાએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

ત્યાર બાદ શાળા/કોલેજ લેવલે કુલ-૨૦૫૪૪ અરજીઓ મળેલ છે તે પૈકી જિલ્લા લેવલે કુલ-૧૬૭૭૮ અરજીઓ આપના દ્વારા મંજુર કરી મોકલાવેલ છે આથી શાળા/કોલેજ લેવલે કુલ-૩૭૬૬ અરજીઓ પેન્ડીંગ હોય સત્વરે આ અરજીઓને મંજુર કરી છેલ્લામાં છેલ્લી તા.૨૫/૦૩/૨૦૨૧ સુધીમાં ઓનલાઈન મોકલવા જણાવવામાં આવે છે. આમ જો ઉપર આપેલ તારીખ સુધીમાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મોકલવામાં નહિ આવે તો તે અરજીઓની સહાય ચુકવવામાં નહિ આવે અને આ બાબતે કોઈ પણ પ્રશ્ન થાશે તો તેની સઘળી જવાબદારી શાળા/કોલજના આચાર્ય/પ્રિન્સીપાલશ્રીની રહેશે.

આ અરજીઓ પૈકી ભારત સરકારશ્રી દ્વારા અમલિત **BCK-81A** અને **Dr.Ambedkar Post Metric For EBC** બંને યોજનાઓ ભારત સરકારશ્રી દ્વારા તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ બંધ કરવાની હોવાથી આ બંને યોજનાની અરજીઓ તા.૨૫/૦૩/૨૦૨૧ સુધીમાં મોકલી આપવી. જો આ અરજીઓ મોકલવામાં વિલંબ થશે તો શિષ્યવૃત્તિની સહાય કે એરીયર્સ ચુકવવામાં આવશે નહિ જેની આપની કક્ષાએથી ગંભીરતા પૂર્વક નોંધ લેવી.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) જુનાગઢ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) ઉપકુલ સચિવશ્રી, ભક્ત કવિ નરસિંહ મેહતા યુનીવર્સિટી, જિ. જુનાગઢ

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. જુનાગઢ તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ

D:\JENIT DATA\HARDIK VASOYA\POST METRIC SCHOLARSHIP 2020-21\Post Metric 30-01-2021

Scanned with CamScanner